**RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY**

Since 1954




# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, જોઈન્ટ DGFT રાજકોટ તથા FIEO ના સંયુકત ઉપક્રમે "E-Commerce Export Summit" નું આયોજન કરવામાં આવ્યું...

# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, જોઈન્ટ DGFT રાજકોટ તથા FIEO અમદાવાદ ચેપ્ટરના સંયુકત ઉપક્રમે "E-Commerce Export Summit" નું તા.૨૨-૧૧-૨૦૨૪ ના રોજ આયોજન કરવામાં આવ્યું. જેમાં બહોળી સંખ્યામાં વેપાર-ઉધોગકારો ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમમાં જોઈન્ટ DGFT શ્રી રોહિત સોની, CGST જોઈન્ટ કમિશ્નરશ્રી પંકજસિંધ, SGST ડેપ્યુટી કમિશ્નરશ્રી ક્રિપાલસિંહ ગોહિલ હાજર રહયા હતા.

કાર્યક્રમના પ્રારંભે રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ તથા ઉપપ્રમુખ અને ફિઓના કન્વીનરશ્રી પાર્થભાઈ ગણાત્રાએ સૌને આવકારી નિકાસકારોને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડેલ તેમજ આવનારા દિવસોમાં નિકાસને વેગ મળી રહી તે માટે ઈ-કોમર્સ પ્લેટફોર્મ ખુબ જ મહત્વનુ હોય તેની સંપુર્ણ જાણકારી મળી રહે તે માટે આ કાર્યક્રમનું આયોજન કરેલ છે. જે ખુબ જ ઉપયોગી બની રહેશે. તેમજ કોઈપણ મુશ્કેલી કે સમસ્યા હોય તો રાજકોટ ચેમ્બરનો સંપર્ક કરવા અનુરોધ કરેલ. ત્યાર બાદ જોઈન્ટ DGFT શ્રી રોહિત સોનીએ જણાવેલ કે, નિકાસને વધુ વેગ મળે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે તેમજ ઈ-કોમર્સને પ્રોત્સાહન આપવામાં આવી રહયું હોય આ બાબતે કોઈપણ સમસ્યા હોય તો રાજકોટ DGFT ઓફિસ હંમેશા સહયોગ આપશે. CGST જોઈન્ટ કમિશ્નરશ્રી પંકજસિંધ તથા SGST ડેપ્યુટી કમિશ્નરશ્રી ક્રિ્રપાલસિંહ ગોહિલએ વેપાર-ઉધોગકારોને GST અંતર્ગત રજીસ્ટ્રેશનને લગતા કે અન્ય કોઈપણ પ્રશ્નો હોય તો જણાવવા અનુરોધ કરેલ. જેનું યોગ્ય નિરાકરણ લાવીશું.

એમેઝોન ગ્લોબલ સેલીંગના ડેવલોપમેન્ટ મેનેજરશ્રી યશ દવેએ ભારતીય વ્યવસાયોને ઈ-કોમર્સ મારફતે નિકાસમાં સક્ષમ બનાવવા માટે જે સહયોગ આપવામાં આવે છે તેની જાણ કરતા આ પ્લેટફોર્મ ઉપર રજીસ્ટ્રેશન કરાવવું, દસ્તાવેજો અને લાયસન્સ સપોર્ટ, લોજીસ્ટીક સપોર્ટ, થર્ડ પાર્ટી સર્વિસ, ઓનલાઈન વેબીનાર, નોર્થ અમેરીકા-યુરોપ-મિડલ ઈસ્ટ-એસીયા પેસીફીક દેશોમાં નિકાસ તથા પેમેન્ટ જેવી બાબતો અંગે જાણકારી આપેલ. ત્યાર બાદ SBI ના રીલેશનશીપ મેનેજરશ્રી ગિતેશ સોનવાનેએ SBI તરફથી એકસપોર્ટ ફાઈનાન્સીંગ અંગેની જાણકારી આપેલ.

મુખ્ય વકતાશ્રી આનંદ મિરાણી દ્વારા SMEs & MSMEs માટે ઈ-કોમર્સમાં રહેતી તકો, ફોરેન ટ્રેડ પોલીસી, કસ્ટમ્સ, એક્ષચેન્જ કન્ટ્રોલ, રીસ્ક મેનેજમેન્ટ, લોજીસ્ટીક, વિવિધ પ્રોડકટો, એકસપોર્ટ માર્કેટ, RBI ગાઈડલાઈન, પેમેન્ટ મેથડ જેવી બાબતો અંગે જાણકારી આપેલ. તેમજ DHL એકસપ્રસ ઈન્ડિયા પ્રા.લી.ના એરીયા સેલ્સ મેનેજરશ્રી ધ્રુવ કેશવાણી દ્વારા લોજીસ્ટીક સપોર્ટ અંગે માહિતી આપેલ. ત્યાર બાદ ઉપસ્થિત વેપાર-ઉધોગકારો દ્વારા પુછાયેલ પ્રશ્નો અંગે નિષ્ણાંતો તરફથી યોગ્ય પ્રત્યુતર આપવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભાર વ્યકત ફીઓના ગુજરાત હેડશ્રી જયપ્રકાશ ગોયેલએ કરેલ.